ઝૂંપડાનાં પતરાં આડા કરવા મુદ્દે મુળદમાં યુવતીની હત્યા

કિરણ ઢોડિયા

કીમ પોલીસે હત્યારાને પકડી પાડ્યો

કીમ: ઓલપાડ તાલુકાના મુળદ ગામ સ્થિત શુભમ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વિસ્તારમાં યુવતીની હત્યાની ઘટનાએ ચકચાર મચાવી હતી. ઘટનાની જાણ થતાં જ કીમ પોલીસ તાત્કાલિક હરકતમાં આવી અને ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડી કેસનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ૩૦ મેની રાત્રે શુભમ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વિસ્તારમાં ઝૂંપડાનાં પતરા આડા કરવાની બાબતે થયેલા ઝઘડામાં આરોપી નિલેશ મનસુભાઈ મઈડાએ ઉશ્કેરાઈ જઈ દુર્ગાબેન રૂસ્માલભાઈ વાસુનિયાને લાકડાના પદાર્થ વડે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત દુર્ગાબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે દુર્ગાબેનના ભાઈ રાહુલભાઈ રૂસ્માલભાઈ વાસુનિયાની ફરિયાદના આધારે કીમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી પોલીસ ઈન્સ્પેક્ટર પી.સી. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. ઝડપી તપાસ અને બાતમીના આધારે પોલીસે આરોપી નિલેશભાઈ મઈડાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આમોદમાં 22 વર્ષ જૂનાં 30 સરકારી આવાસો તોડી નાંખતાં ગુનો નોંધાયો

સરદાર આવાસનાં મકાનો તોડી પાડતાં ગરીબ પરિવારો બળવળતા તાપમાં બેઘર બન્યા હતા

આમોદ: આમોદ માંડવા ફળિયામાં વર્ષ 2003-04માં ગરીબ લાભાર્થીને ફાળવવામાં આવેલા આશરે ત્રીસ જેટલાં મકાનો ઉપર ગત 6 મે-2026ના રોજ બસીર પટેલ નામની વ્યક્તિએ જેસીબી ફેરવી સરકારી મકાનો તોડી પાડતાં ગત રોજ આમોદ પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ હતી.

આમોદમાં માંડવા ફળિયામાં આવેલા સરદાર પટેલ આવાસ યોજનાના લાભાર્થીને ફાળવેલા કુલ 30 જેટલાં મકાનો જે અમુક રહેવા લાયક તથા અમુક મકાનો જર્જરિત હતાં. જે મકાનો ઉપર બસીર અલીભાઈ પટેલે જે.સી.બી.થી તોડી પાડી કુલ 12,90,000નું નુકસાન કરી ગુનાહીત અપપ્રવેશ કરતાં આમોદ પોલીસ મથકે મેલાભાઈ રમણભાઈ દેવીપૂજકે ફરિયાદ નોંધાવી હતી.

આમોદના માંડવા ફળિયામાં સરકાર તરફથી 100 ચો.વારના મફત પ્લોટ ઉપર વર્ષ 2003-04માં સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ગ્રાટ 36000 તથા શ્રમફાળો 7000 મળી કુલ 43000ની કોસ્ટવાળું લોખંડના એંગલ તેમજ નળિયાવવાળા આશરે ત્રીસ મકાન બાંધવામાં આવ્યાં હતાં. જેની લાભાર્થીઓને તા.૨૫/૦૩/૨૦૦૫ના રોજ તલાટી કમ મંત્રી આમોદ ગ્રામ પંચાયત દ્વારા સરદાર પટેલ આવાસ યોજના કબજા રસીદ પણ આપવામાં આવી હતી. તેમજ લાભાર્થીઓને તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયત આમોદ દ્વારા સરદાર આવાસ યોજના હેઠળ મકાનનો કબજો આપવામાં આવ્યો હતો.

ત્યારે ગત તા.6/5/2026ના રોજ સરદાર પટેલ આવાસ યોજનાના મકાનો આમોદના ભીમપુરા રોડ ઉપર રહેતા બસીર અલીભાઈ પટેલે બપોરના આશરે 12 વાગ્યે મકાનોમાં જે.સી.બી. લઈ જઈ જે.સી.બી.થી મકાનો તોડી પાડી કુલ 12,90,000નું નુકસાન કર્યું હતું. 22 વર્ષ જૂના સરદાર પટેલ આવાસ યોજનામાં મકાનોના પુરાવા મળતાં મેલાભાઈ રમણભાઈ દેવીપૂજકે જેસીબીથી મકાનો તોડી પાડનાર બસીર અલીભાઈ પટેલ સામે આમોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

વ્યારામાં યુરિયા ખાતર લેવા ખેડૂતોની કતાર

વ્યારા: વ્યારા જિન સહિત જિલ્લાનાં વિવિધ સ્થળોએ ખાતરના ગોડાઉનમાં યુરિયાનો જથ્થો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ હોવા છતાં ખેડૂતોને યુરિયા ખાતર લેવા માટે વારંવાર ધક્કા ખાવાની નોબત આવતાં ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે. તાપી જિલ્લામાં વ્યારા, સોનગઢ સહિત જિલ્લાનાં અનેક સ્થળે ખાતર માટે ખેડૂતો વહેલી સવારથી જ કલાકો સુધી લાઈનોમાં ઉભા રહેવા લાચાર બન્યા છે. આ બાબતે વ્યારા સહકારી જીનના ખાતર ડેપોના મેનેજર સુનીલ ચૌધરીએ જણાવ્યું હતું કે, યુરિયા ખાતરનું વિતરણ ઉપરથી મળતી સૂચના મુજબ કરવામાં આવશે.

બંદરપુરમાં રસ્તો બંધ કરવા મુદ્દે ઝઘડો

રાજપીપળા: તિલકવાડાના બંદરપુર ગામે રસ્તો બંધ કરવા બાબતે મારામારી થઈ હતી. ઘરઆંગણે બેઠેલા અમૃતભાઈ તડવી પાસે આવી પાડોશી રાજુભાઈ તડવીએ 'રસ્તો કેમ બંધ કર્યો?' તેમ કહી ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા રાજુભાઈએ અમૃતભાઈને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ 'બીજીવાર ટાંટિયાં તોડી નાંખીશ' તેવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે તિલકવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

શ્રી સાયણ વિભાગ દરજી જ્ઞાતિ પંચની બેઠક મળી

જયેશ પટેલ

સાયણ: સાયણ મુકામે શ્રી સાયણ વિભાગ દરજી જ્ઞાતિ પંચની ૨૨મી વાર્ષિક સાધારણ સભા અને નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. સભામાં ગત મિનિટ્સ નોટ, વાર્ષિક અહેવાલ અને હિસાબોને સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી. આ પ્રસંગે બાળમંદિરથી કોલેજના ૫૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ કરી પ્રોત્સાહિત કરાયા હતા. આગેવાનોએ સમાજના કુરિવાજો ત્યજી શિક્ષણ પ્રત્યે જાગૃત બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ જીગ્નેશ પ્રવીણભાઈ ટેલર, માનદ મંત્રી જિગ્નેશકુમાર દિનેશચંદ્ર ટેલર અને ઉપપ્રમુખ ધર્મેશ ટેલર સહિત કારોબારી-આજીવન સભ્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલીમાં સિનિયર સિટિઝન ક્લબનો કાર્યક્રમ

બારડોલી: બારડોલીના સિનિયર સિટિઝન મે માસ દરમિયાન જન્મેલા વરિષ્ઠ નાગરિકોનો જન્મદિવસ અને નવનિયુક્ત પદાધિકારીઓનો સન્માન સમારોહ રવિવારે યોજાયો હતો. આ કાર્યક્રમમાં બારડોલી નગરપાલિકાના નવવરાયેલા પ્રમુખ નીલમબેન વ્યાસ અને ઉપપ્રમુખ મિનેશભાઈ પટેલ તેમજ બારડોલી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હસમુખભાઈ પટેલ સહિતના મહાનુભાવોનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ક્લબના પ્રમુખ દિનેશભાઇ સી. દેસાઇએપાલિકા સંચાલિત જિમ્નેશિયમમાંથી થતા પાણીના લીકેજની મરામત કરવા વિનંતી કરી હતી, જેને પાલિકા પ્રમુખે સ્વીકારી યોગ્ય ઉકેલની ખાતરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સહમંત્રી વિજયકાંત શેઠે કરી હતી.

સોનગઢના વિવિધ પ્રશ્નો મુદ્દે રજૂઆત

સોનગઢ: સોનગઢના દક્ષિણ વિસ્તાર ધરાવતા ઓટા મલંગદેવ સહિત છેવાડેના તાલુકામાં પીવાના પાણીની વિકટ સમસ્યા અને રેલવે ફાટક પર ફલાયઓવર બ્રિજ બનાવવાની લાંબા સમયની માંગણી સંતોષવામાં ન આવતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેને લઇ સોનગઢ તાલુકા પંચાયતના કોંગ્રેસના માજી પ્રમુખ યુસુફ ગામીતની આગેવાનીમાં મોટી સંખ્યામાં સ્થાનિક પુરુષો અને મહિલાઓ સોનગઢ મામલતદાર કચેરીએ રજૂઆત કરી હતી. માજી પ્રમુખ યુસુફ ગામીતે જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન ઓટા અને મલંગદેવ વિસ્તારના લોકોએ પાણીની સમસ્યા અંગે રજૂઆતો કરી હતી. વર્ષ-૨૦૧૭માં ઓટા વિસ્તારથી જળયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી, તેમ છતાં આજદિન સુધી આ વિસ્તારના લોકોને પીવાનું પાણી નસીબ થયું નથી. ઉકાઈ ડેમમાંથી ઉમરપાડા, સુરત અને આહવા સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવતું હોય, તો સોનગઢ તાલુકામાં જ આવતા ઓટા-મલંગદેવ વિસ્તારને કેમ વંચિત રાખવામાં આવે છે? એવા પ્રશ્નો કર્યા હતા.

સારંગપુરમાં શરબતનું વિતરણ કરાયું

સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના સારંગપુરના પદમાવતી નગર ખાતે પાલ સમાજ જન સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માતા અહલ્યાબાઈ હોલકરની 301મી જન્મ જયંતી નિમિત્તે શરબતનું વિતરણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સંજાલી ગામે નહેરમાં ડૂબતા ત્રણ જણાને પાનોલી ફાયર ટીમે બચાવ્યાં

નાહવા ઊતર્યા, પણ પાણીના વહેણનો અંદાજ ન આવતાં ડૂબવા લાગ્યાં હતાં

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના સંજાલીથી પસાર થતી ઉકાઈ જમણા કાંઠાની મુખ્ય નહેરમાં રવિવારે સાંજે એક દિલધડક ઘટના બનતા-બનતા અટકી ગઈ હતી. કાળઝાળ ગરમીના કારણે નહેરમાં નાહવા ઊતરેલા એક જ પરિવારના ત્રણ સભ્ય બે યુવતી અને એક નાનું બાળક પાણીના વહેણનો અંદાજ ન મેળવી શકતાં કેનાલના ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યાં હતાં. ત્રણેયે બચાવ માટે આક્રંદ શરૂ કર્યો હતો. કેનાલ કિનારે હાજર લોકોએ ઘટના જોતાં જ સમય ગુમાવ્યા વિના કટોકટીની સ્થિતિમાં પાનોલી ફાયર સ્ટેશનને લાઈવ લોકેશનની માહિતી આપી હતી. નાગરિકો ડૂબી રહ્યા હોવાનો મેસેજ મળતાં જ પાનોલી ફાયર બ્રિગેડની રેસ્ક્યુ ટીમ લાઇફ જેકેટ, દોરડા, રિંગ અને અદ્યતન સંસાધનો સાથે ઘટના સ્થળે દોડી આવી હતી. કેનાલનો પ્રવાહ તેજ હોવા છતાં બચાવકર્તાઓએ જરાય વિલંબ કર્યા વિના પાણીમાં ઝંપલાવ્યું હતું. અત્યંત જોખમી ઓપરેશન હાથ ધરીને ફાયર ફાઇટર્સે કુશળતાપૂર્વક બંને યુવતીઓ અને બાળકને પાણી બહાર ખેંચી કાઢ્યાં હતાં.

ફાયર બ્રિગેડની ટીમે સેકન્ડોની કિંમત સમજીને કામગીરી કરતાં ત્રણેયના ફેફસામાં વધુ પાણી ભરાય તે પહેલાં જ તેમને બહાર કાઢી લીધાં હતાં. કિનારા પર લાવીને પ્રાથમિક તબીબી સારવાર આપવામાં આવી હતી. મોતના મુખમાંથી સ્વજનોને પાછા ફરેલા જોઈ પરિવારના સભ્યોમાં હરખના આંસુ ટપકી પડ્યાં હતાં. સ્થાનિક ગ્રામજનો અને વહીવટી તંત્રએ પાનોલી ફાયર બ્રિગેડના જવાનોની ટીમને આવકારી હતી.

સુલવાડામાં રેતીખનન: 3 ડમ્પર સાથે 75 લાખનો મુદ્દામાલ જપ્ત

તાપીમાં ભૂસ્તર વિભાગની ગેરકાયદે રેતી ખનન બદલ કાર્યવાહી



કુકરમુંડા: નિઝરના સુલવાડા ગામે તાપી નદી વિસ્તારમાં રાત્રિના સમયે આધુનિક સાધનો વડે ગેરકાયદે રીતે રેતીખનન થતું હોવાની ફરિયાદના આધારે ભૂસ્તર વિભાગે રાત્રે આશરે 2 વાગ્યે આકસ્મિક દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન રેતી ભરવા આવેલા કુલ ત્રણ ડમ્પર નં.(MH-39-AD-0698, MH-39-C-2999, MH-39-AC-1049) ઝડપી પાડવામાં આવ્યા હતા. ભૂસ્તર વિભાગ દ્વારા ત્રણેય વાહનને સીઝ કરી વાંકા ચેકપોસ્ટ ખાતે અટકાયતમાં રાખી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી દરમિયાન આશરે રૂ.75 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ભૂસ્તર વિભાગમાં અંકિત પરમારે દિવસે આ મોટી કાર્યવાહી થતાં રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. સતત નિઝર અને કુકરમુંડાના જાગૃત નાગરિકો દ્વારા ગેરકાયદે રેતીખનન બંધ કરાવવા માટે રજૂઆતો કરવામાં આવતી હતી, જેના પગલે તંત્ર એકશનમાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ બનાવમાં ભૂસ્તર વિભાગની કાર્યવાહી બાદ વિસ્તારમાં ગેરકાયદે ખનન કરતા તત્વોમાં ચકચાર મચી ગઈ છે.

હાઈવે પાસે ટેન્કર મૂકી જમવા ગયેલો ચાલક 9 દિવસથી ગુમ!

અમેઠીના યુવાને છેલ્લો ફોન માતાને કર્યો હતો, પરિવાર ચિંતાતુર

ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પોલીસ મથકની હદમાં આવેલા શિયાલજ ગામની સીમમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર એક અજીબોગરીબ ઘટના સામે આવી છે. આશાપુરા ટ્રાન્સપોર્ટનું મેથોનોલ ભરેલું ટેન્કર નં.(GJ-16-AV-9247) બિનવારસી હાલતમાં મળી આવતાં અને તેનો ચાલક છેલ્લા નવ દિવસથી ભેદી સંજોગોમાં લાપતા થતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મૂળ ઉત્તર પ્રદેશના અમેઠીના મોહનગંજનો વતની અને માત્ર ૧૫ દિવસ પહેલાં જ નોકરીએ જોડાયેલો ચાલક હસનૈન ખાન નફીસ ગુજ્જર ગત ૨૦ મે-૨૦૨૬ના રોજ દહેજથી હજીરા અદાણી પોર્ટ જવા નીકળ્યો હતો. રાત્રે ૧૧:૩૦ વાગ્યે તેણે માતા સાથે ફોન પર વાત કરી જણાવ્યું હતું કે, તે શિયાલજ સીમમાં એક્સપ્રેસ હાઈવે પર ટેન્કર સાઈડમાં ઊભું રાખી જમવા જાય છે. ત્યાર બાદથી તેનો મોબાઈલ ફોન સતત બંધ આવી રહ્યો છે. ટ્રાન્સપોર્ટના માલિક હાર્દિકભાઈએ હાઈવે પર બિનવારસી પડેલું ટેન્કર બીજા ડ્રાઈવર મારફતે મંગાવી લીધું હતું.

હસનૈનનો કોઈ પત્તો ન લાગતાં ચિંતાતુર બનેલો તેનો ભાઈ મુનવ્વર અલી પરિવાર સાથે અમેઠીથી દોડી આવ્યો હતો. આખરે, પરિવારે પાલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે લાપતાની તપાસ હાથ ધરી છે. ઘરના મુખ્ય આધારસ્તંભ એવા પુત્રના ગુમ થવાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

ભરૂચમાં જાહેરમાં તલવાર બતાવી ભય ફેલાવનારો ઝડપાયો

મલબારી દરવાજા વિસ્તારના મોહંમદહુસેન મિયાંએહમદ પટવા સામે કાર્યવાહી

ભરૂચ: શહેરના મોટા ડભોયાવાડ વિસ્તારમાં જાહેરમાં તલવાર બતાવી ભય ફેલાવનાર શખ્સનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ શખ્સ સામે ભરૂચ શહેર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વિડીયો ઝડપથી વાયરલ થયો હતો. વિડીયોમાં એક વ્યક્તિ લોકોનાં ટોળાં વચ્ચે ખુલ્લી તલવાર સાથે દેખાઈ રહ્યો હતો. જાહેરમાં તલવાર સાથે દેખાતાં આ વ્યક્તિના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. પોલીસે વાયરલ વિડીયોના આધારે ટેક્નિકલ અને ફિલ્ડ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તલવાર સાથે દેખાતો ઈસમ મલબારી દરવાજા વિસ્તારમાં રહેતો મોહંમદહુસેન મિયાંએહમદ પટવા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેને ઝડપી પાડી પોલીસ સ્ટેશન ખાતે લાવી પૂછપરછ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે ગત 30 મે, 2026ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યે મોટા ડભોયાવાડ વિસ્તારમાં કેટલાક લોકો વચ્ચે અંદરોઅંદર ઝઘડો થયો હતો. આ દરમિયાન આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાના ઘરેથી તલવાર લઈને ઘટના સ્થળે પહોંચ્યો હતો. બાદ તેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. પોલીસે આરોપી પાસેથી અંદાજે બે ફૂટ લાંબી તલવાર કબજે કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 04:00pm
Shubh Mangal Dhamal
Gujarati - 03:00pm
Kabanda-Gujarati
12:00pm, 09:00pm
Dhabkaaro-Gujarati - 07:00pm
Krishnavataram Part 1 - The Heart
01:00pm, 06:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

નેત્રંગના ધારિયા ધોધમાં ડૂબી જવાથી અંકલેશ્વરના યુવાનનું મોત

પ્રદીપ ગુર્જર

નેત્રંગ, અંકલેશ્વર: નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર ધાણીખૂંટ ગામ નજીક કરજણ નદી પર આવેલા પ્રખ્યાત પ્રવાસી સ્થળ ધારિયા ધોધ ખાતે વધુ એક ગમખ્વાર દુર્ઘટના સામે આવી છે. અહીં મિત્ર સાથે ફરવા આવેલા અંકલેશ્વરના ભડકોદ્રા ગામના ૨૦ વર્ષીય યુવાન અબ્દુલ વાહિમ અબ્દુલ હકિમ શાહનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું.

ગત ૩૧મી તારીખે અબ્દુલ વહેતા પાણીમાં પથ્થરો પરથી સામે કિનારે જઈ રહ્યો હતો, ત્યારે અચાનક પગ લપસતાં તે ધોધના ઊંડા ખાડામાં ખાબક્યો હતો. સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ તેને બહાર કાઢ્યો હતો. તેને તાત્કાલિક નેત્રંગ CHC અને ત્યારબાદ વધુ સારવાર માટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

સુરત મજૂરીકામે આવતા શ્રમિક પરિવારને અકસ્માત નડ્યો, મહિલાનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક માર્ગ અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી છે. મધ્યપ્રદેશના જાંબુઆના રહેવાસી અલ્કેશભાઈ ચીમનભાઈ ભુરીયા પોતાના પરિવારજનો સાથે બોલેરો કારમાં સુરત તરફ મજૂરીકામ માટે જઈ રહ્યા હતા. તા.31 મે, 2026ના રોજ વહેલી સવારે અંકલેશ્વરથી સુરત તરફના ટ્રેક પર ટેમા ઈન્ડિયા લિમિટેડ કંપની સામે પહોંચતા એક હાઈવા ટ્રકના ચાલકે ઓવરટેક કરતી વખતે ટ્રકનો પાછળનો ભાગ બોલેરો કાર સાથે અથડાવ્યો હતો. અકસ્માતના પગલે કારમાં સવાર સુરતાબેન ડામોર (ઉં.વ.30) (રહે., બારવાસાવ, તા.મેઘનગર, જિ.જાંબુઆ, મધ્યપ્રદેશ)નું મોત નીપજ્યું હતું. જ્યારે નાનેશભાઈ બચુભાઈ ડામોરને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઉપરાંત કારને પણ નુકસાન પહોંચ્યું હતું.

The Mandvi Education Society

At & Post : Mandvi, Near Bus Station, Dist: Surat - 394160
Email: mesmandvi@gmail.com

Urgently Required Teachers

Sr. No.	Subject	Qualification	No. of Posts	Medium of Teaching
1	Mathematics	Any Graduate or post Graduate with subject mentioned herewith . B.Ed. candidate will be given preference	01	Gujarati
2	History		01	Gujarati
3	Mathematics		01	English
4	English		02	English

✓ Apply by post or in person on or before 11th June 2026
For English Medium School
✓ The applicant should be fluent in English.
✓ Preference will be given to those who have studied throughout in English Medium.

Dr. Ashish I Upadhyay, Hon. Secretary — Dr. Vasudev N. Jokhakar, President

The Mandvi Education Society

જાહેર નોટિસ

કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૩૦/૨૦૨૫
તા.30/03/૨૦૨૬

વાદી:- ગીતાબેન અનિલભાઇ વસાવા, રહે.શાઠ, ટાંકી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦.
વિરુધ્ધ
પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ડુંગરી ગ્રામ પંચાયત, તા.માંગરોળ, જી.સુરત
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અત્રેફરજ્શ્રી ગીતાબેન અનિલભાઇ વસાવા, રહે.શાઠ, ટાંકી ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૧૦એ તેઓના પુત્ર આર્યનકુમાર અનિલભાઇ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

૧. નોંધણી કરવાવાની છે તેનું નામ: આર્યનકુમાર અનિલભાઇ વસાવા ૨. જન્મ તારીખ: ૨૫/૦૩/૨૦૦૭
૩. જન્મનું સ્થળ: મોજે.ડુંગરી, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે આર્યનકુમાર અનિલભાઇ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઇ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં આવવા આ કામની સુનાવણી તા.૨૦/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નિવિદા

ગ્રામ પંચાયત વાવ
તા.કામરેજ જી. સુરત

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સને ૨૦૨૦/૨૦૨૭ તા.૦૧/૦૭/૨૦૨૬ થી તા.૩૧/૦૩/૨૦૨૭ સુધી વાવ ગ્રામ પંચાયત ગામતળ તથા સોસાયટી હદ વિસ્તારમાં સફાઇ કામગીરી કરી ઘન કચરાનો નિકાલ કરવા સફાઇ કોન્ટ્રાકટના કામે રસ ધરાવતા ઇસમો પાસેથી આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર)માં રજીસ્ટર પોષ્ટ એડીથી મોકલવાના રહેશે.
(૧) વાવ ગ્રામ પંચાયત ગામતળ હદ તથા સોસાયટી હદ વિસ્તારમાં પંચાયતે નિયત કરેલ જગ્યાઓ સફાઇ કામ કરી ઘન કચરો ડોર ટુ ડોર વાહન દ્વારા કલેકટ કરી ભેગો કરવા તથા નિકાલ કરવા તમામ ખર્ચ સહિતનો માસિક ભાવપત્રક .
ઉપર મુજબનાં ભાવપત્રકો મંજુર કરવા કે, નહી કરવા જેની આખરી સત્તા સરપંચશ્રીની રહેશે ના-મંજુર કરેલ ભાવપત્રકનું કોઇ કારણ આપવામાં આવશે નહી.

ગ્રામ પંચાયત વાવ તા. કામરેજ, જી.સુરત — તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત વાવ તા.કામરેજ, જી.સુરત — સરપંચશ્રી ગ્રામ પંચાયત વાવ તા.કામરેજ, જી.સુરત